CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# CIMS News
# Care & Cure

Volume-7 | Issue-75 | October 25, 2016

Price : ₹ 5/-

## અંદરના પાને...


- રોટેબ્લેટર, ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ(FFR), અને IVUS
- કેન્સર વિશે અવારનવાર પૂછાતાં પ્રશ્નો
- પગની પીંડીમાં થતા દુ:ખાવા અંગે વાસ્ક્યુલર સર્જનની સલાહ
- પેટનું કેન્સર




CIMS News
Care & Cure
Volume-7 | Issue-75 | October 25, 2016



# રોટેબ્લેટર, ફ્રેકશનલ ફ્લો રિઝર્વ(FFR), અને આઈવીયુએસ (IVUS)

## રોટાબ્લેટર

સીમ્સ કાર્ડિયોલોજીને ૧૯૯૦થી રોટાબ્લેટરના સંકેડો કેસો, રોટાબ્લેટરનો ઉપયોગ કરવાનો સૌથી વધારે અનુભવ છે.


નીચેના સંજોગોમાં રોટાબ્લેટરનો ઉપયોગ થાય છે

- જ્યારે પ્લાકને માત્ર પી.ટી.સી.એ. દ્વારા આર્ટરી વોલની સામે ફૂલાવવાનું કે મોટી કરવાનું અત્યંત મુશ્કેલ જણાતું હોય.
- જ્યારે પ્લાકમાં મોટી માત્રામાં કેલ્શિયમ હોય અને તે સરળતાથી ખસી શકે તેમ ના હોય.
- પ્લાક અતિશય લાંબી હોય અથવા જ્યાંથી આર્ટરી શરૂ થતી હોય ત્યાંથી શરૂ થતી હોય.
- આર્ટરીમાં ઘણી બધી પ્લાક હોય, કે જેને અન્ય પ્રક્રિયા કરતાં પૂર્વે દૂર કરવી જરૂરી હોય.
- આર્ટરી અન્ય પ્રક્રિયાઓ માટે નાની જણાતી હોય.
- અગાઉ પી.ટી.સી.એ. અથવા સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હોય અને તેનો કાપો કે ચીરો બંધ કરી દેવામાં આવ્યા હોય.

રોટાબ્લેટર એક એબ્રેઝીવ, હીરાજડીત બર સાથેનું નાનકડું ડ્રીલ છે. રોટાબ્લેટરનો ઉપયોગ, રોટેશનલ એથેરેકટોમી નામની કેથેટર આધારિત એક પ્રકારની પ્રક્રિયામાં થાય છે. રોટેશનલ એથેરેકટોની એક પ્રકારની લઘુત્તમ વાઢકાપવાળી (મિનિમલી ઇન્વેઝીવ) સારવાર છે કે જેનો ક્યારેક, કોરોનરી આર્ટરીની અંદર જ કઠણ થઇ ગયેલી પ્લાકને ભાંગવા માટે ઉપયોગ થાય છે.


રોટેશનલ એથેરેકટોમી (રોટાબ્લેશન), જટિલ એવા કોરોનરી આર્ટરી સ્ટેનોસીસની સારવાર કરવા માટેનું એક વૈકલ્પિક સાધન છે. આર્ટિરિયલ સ્ટ્રેચિંગની જેમ લ્યુમિનલ ડાયામીટર ખેંચવાને બદલે અને બલૂન એન્જિયોપ્લાસ્ટી વડે પ્લાક તોડવાને બદલે રોટાબ્લેશન એથેરોસ્કલેરોટિક પ્લાકને વિખેરી નાખે છે. તેનો મૂળભૂત ભૌતિક સિધ્ધાંત ડિફરન્શયલ કટિંગનો છે.


રોટાબ્લેટર કેથેટર વડે એક ગાઇડવાયર દ્વારા બાંધેલું હોય છે, કે જેનો બ્લોકેજની જગ્યાએ ડાય ઇન્જેક્ટ કરવા માટે થાય છે. રોટાબ્લેટરનો ઉપરનો ભાગ હીરાના અત્યંત નાના ટુકડાથી કોટ કરવામાં આવે છે. પ્લાકની સામે તેની ટીપ અથવા ટોપકાંને અત્યંત ઝડપથી ફરી શકે તે માટે હવાના દબાણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટોપકાને ૧૯૦૦૦ RPM સુધી ફેરવવા માટે વીજળીના ટૂંકા વેગીલા પ્રવાહનો ઉપયોગ કરવામાં આવે છે. તેના પરિણામે પ્લાક પીસાઇ જશે અથવા ભાંગી જશે અને તેના નાના-નાના ટુકડા થઇ જશે. રોટાબ્લેટર દ્વારા થતા પ્લાકના ટુકડા પૈકીના ૯૬ ટકા કણો ૫ માઇક્રોન્સથી પણ નાના હોય છે. આઇ.વી. ફ્લઇડ દ્વારા આ રજકણોને નીચે ધકેલવામાં આવે છે અને તે શરીરના કુદરતી ઉત્સર્જન દ્વારા સાફ થઇ જાય છે. ડાયમંડ ક્રિસલ (નાનકડો હીરો) માત્ર પ્લાકને જ પીસશે, કારણ કે તે આર્ટરીના લવચિક કોષો કરતાં વધારે સખત અને કઠણ છે.



## ફ્રેકશનલ ફ્લૉ રિઝર્વ (FFR)

- માયોકાર્ડિયલ FFR, એ હૃદયની સંકુચિત ધમનીઓની કામગીરી દર્શાવતો આંક છે. FFR થી ઇન્ટર મિડિયેટ મધ્યમ બ્લોકેજીસ ઉપર એન્જિયોપ્લાસ્ટી અથવા સ્ટેન્ટિંગ કરવું કે નહીં તે નક્કી કરી શકાય છે.
- FFR એક ગાઇડ વાયર આધારિત પ્રક્રિયા છે કે જે કોરોનરી આર્ટરી (હૃદયની ધમની)ના એક ચોક્કસ ભાગના લોહીના પ્રવાહ અને લોહીના દબાણને માપે છે. FFR, કોરોનરી એન્જિયોગ્રામ વખતે એક સ્ટાન્ડર્ડ ડાયોગ્નિસ્ટિક કેથેટર વડે કરવામાં આવે છે.
- FFR, મલ્ટિવેસલ ડિસીઝની સ્થિતિમાં કલ્પ્રિટ લેઝનને શોધી કાઢે છે.






**FFR પ્રક્રિયા :** ટ્રાન્સ-સ્ટેનોટિક પ્રેશર નોંધવા માટે અને મહત્તમ હાયપરેમિક સ્ટિમ્યૂલસ આપવા માટે ૦.૦૧૪" નો પ્રેસર ગાઇડવાઇર સ્ટેનોસીસમાં પસાર કરવામાં આવે છે.

**FFR ના ફાયદા**

- FFR, એપિકાર્ડિયલ સ્ટેનોસીસ માટે એક ચોક્કસ ઇન્ડેક્સ (સૂચકાંક) છે અને તેથી તે, રિવાસ્ક્યુલરાઇઝેશન દ્વારા દર્દીને કેટલે અંશે મદદ મળશે તેનો વધારે સારો નિર્દેશ કરે છે.
- FFR હૃદયના ધબકારાની ગતિ, લોહીના દબાણ અને સંકુચનશીલતા (કોન્ટ્રેક્ટીલિટી) પરત્વે તટસ્થ છે.

## આઇવીયુએસ (IVUS)

IVUS અંદરથી આર્ટિરિયલ વોલનો ૩૬૦ ડિગ્રીનું ટોમોગ્રાફિક દ્રશ્ય (ચિત્ર) રજૂ કરે છે અને એન્જિયોગ્રાફી વડે શક્ય હોય તેના કરતાં વધારે સંપૂર્ણ અને ચોક્કસ તપાસ કરવાનું શક્ય બનાવે છે. સીમ્સ ખાતે આર્ટરી વોલની અંદર પ્લાકની માત્રા અને આર્ટરી લ્યૂમેનના સંકોચનનું પ્રમાણ, બંને નક્કી કરવા માટે IVUSનો ઉપયોગ થાય છે. તે જ્યારે એન્જિયોગ્રાફિક-ઇમેજિંગ અવિશ્વસનીય ગણાતું હોય તેવી પરિસ્થિતિમાં વિશેષત: ઉપયોગી બને છે.



**IVUS સંકલિત પધ્ધતિના ફાયદા**

- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે.
- તાત્કાલિક ઉપયોગમાં આવી શકે તથા પ્રક્રિયા માટે ઓછો સમય
- રૂમ વચ્ચે બહાર કાઢી ખસેડવાની વ્યવસ્થા
- પ્રક્રિયા રૂમમાં ઓછી જગ્યા રોકે છે
- બીજી નવી ટેકનોલોજી માટે એક પ્લેટફોર્મ બની રહે છે
- કાર્યપધ્ધતિમાં સુધારો

**સૌજન્ય**

**ડૉ. કેયૂર પરીખ**
**હૃદયરોગના નિષ્ણાંત**
**ઇન્ટરવેન્શનલ એન્જિયોલોજીસ્ટ, ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**
**હાવર્ડ બિઝનેસ સ્કુલ - ઓપીએમ (૨૦૧૪-૨૦૧૬) (યુ.એસ.એ.)**
**(અલમ્નસ હાવર્ડ બિઝનેસ સ્કુલ)**
MD (USA) FCSI (India) FACC, FESC, FSCAI
(મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ Email: keyur.parikh@cims.me

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-75 | October 25, 2016


# કેન્સર વિશે અવારનવાર પૂછાતાં પ્રશ્નો

**પ્રશ્ન: કેન્સર એટલે શું ?**

**જવાબ:** સામાન્ય રીતે કેન્સર આપણા શરીરમાં ઉત્પન્ન થતા બદલાયેલા કોષોનો સમૂહ છે. મોટા ભાગના કિસ્સાઓમાં શરીરના તમામ કોષો શરીરના "નિયમ" મુજબ કામ કરે છે અને વર્તે છે. જોકે કેન્સરના કોષો આ નિયમો અનુરૂપ વર્તતા નથી. તે અનિયમિત રીતે વધે છે, ફેલાય છે, કોઈ પણ અંગમાં પ્રવેશે છે અને શરીરમાં કોઈ પણ જગ્યાએ સ્થળાંતર પામે છે. તે પોતાના વિકાસ માટે શરીરના તમામ સ્રોતોનો ઉપયોગ કરે છે. છેવટે તે જે શરીરમાં પેદા થાય છે, તેનો જ નાશ કરે છે.

**પ્રશ્ન: કેન્સરના લક્ષણો શું છે ? સાધારણ કોષોથી કેન્સરના કોષો કેવી રીતે અલગ છે ?**

**જવાબ:** કેન્સરના કોષો સાધારણ કોષોથી ઘણી રીતે અલગ છે:



૧. કેન્સરના કોષોની અમર્યાદિત વૃદ્ધિ થાય છે. સામાન્ય કોષની વૃદ્ધિનું નિયમન થાય છે. ચોક્કસ સમયે તેનો નાશ થાય છે અને નવા કોષો તેમનું સ્થાન લે છે. કેન્સરના કોષો શરીરના નિયમોનું પાલન કરતાં નથી; તે સતત જીવે છે અને અનેકગણી વૃદ્ધિ પામે છે. આના કારણે અલ્સર કે ગાંઠ થઈ શકે છે.

૨. કેન્સરના કોષો અમર્યાદિત રીતે પ્રસરે છે અને ઘુસે છે. સામાન્ય રીતે સાધારણ કોષો કુદરતી અવરોધને ઓળંગતા નથી. ઉદાહરણ તરીકે સ્નાયુ ક્યારેય તેના આવરણ અથવા ત્વચા/લાળ ક્યારેય તેના પડમાં ઘુસતી નથી. કેન્સરના કોષો વિશિષ્ટ સંયોજનો બનાવે છે અને આ અવરોધોમાં ઘુસી જાય છે તથા અમર્યાદિત રીતે તેની પેશીઓમાં વધે છે. ઉદાહરણ તરીકે સ્નાયુનું કેન્સર હાડકાં અને ત્વચામાં પ્રવેશી શકે છે. લાળ અને ત્વચાનું કેન્સર ઊંડે પેશીઓમાં ઘુસી જાય છે તથા સ્નાયુ અને હાડકાં સુધી પહોંચી તેમને ખતમ કરે છે.

૩. કેન્સર અમર્યાદિત સ્રોતોનો ઉપયોગ કરે છે. શરીર પોષક દ્રવ્યો, લોહી, ઓક્સિજન વગેરે સ્રોતો ચોક્કસ પ્રમાણમાં ધરાવે છે. સામાન્ય રીતે સાધારણ પેશી નિશ્ચિત સ્રોતોનો ઉપયોગ કરે છે. જેમ કેન્સર અમર્યાદિત રીતે વધે છે, તેમ તે તેના સ્રોતોમાં વધારો કરવા નવી રક્તવાહિનીઓ પેદા કરે છે. છેવટે આ શરીરમાં ઉપલબ્ધ સ્રોતો ઘટાડે છે, જે નબળાઈ અને વજનમાં ઘટાડા તરફ દોરી જશે.

૪. કેન્સર શરીરના અન્ય ભાગમાં ફેલાય છે અને ત્યાં વધે છે. સામાન્ય રીતે કોઈ ખાસ કામગીરી માટે પેદા થયેલા કોષો એ અંગમાં રહે છે અને શરીરની જરૂરિયાત પ્રમાણે કામ કરે છે. (૧) કેન્સરના કોષો નવી રક્તવાહિની પેદા કરે છે અને રક્તપ્રવાહમાં કોષો ફેલાય છે. સામાન્ય રીતે આ કોષો યકૃત, ફેફસા, હાડકાં અને મગજ સુધી પહોંચે છે. ત્યાં તેની વૃદ્ધિ થશે. તેને મેટાસ્ટેસિસ કહેવાય છે. (૨) કેન્સરના કોષો લસિકાવાહિની મારફતે વિકસી શકે છે અને લસિકા ગ્રંથિમાં ગાંઠ પેદા કરી શકે છે – જે વધે છે અને લસિકા ગ્રંથિનો નાશ કરે છે.

૫. કેન્સર ઊથલો મારવાની ગુણ ધરાવે છે. કેન્સરના કોષો રક્તવાહિનીઓ અને લસિકાઓ મારફતે વિવિધ અંગો અને લસિકાગ્રંથિઓમાં ફેલાય છે. તે આ અંગોમાં કેન્સરની ગાંઠ પેદા થઈ શકે છે. ઘણી વખત કેન્સરના કોષ આ માધ્યમ મારફતે ફેલાય છે, જે તાત્કાલિક વૃદ્ધિ પામતા નથી. તે જીવંત, પણ નિષ્ક્રિય રહી શકે છે. તે ઘણાં વર્ષો પછી અનેકગણા થવાની શરૂઆત થઈ શકે છે. કેન્સરની સારવારના ઘણાં વર્ષ પછી થતી આ પ્રક્રિયા મેટાસ્ટેસિસ તરીકે ઓળખાય છે.

**પ્રશ્ન: તમામ પ્રકારના કેન્સર એકસરખા હોય છે ?**

**જવાબ:** વિવિધ અંગોનું કેન્સર અલગઅલગ ગુણધર્મો ધરાવે છે. એટલે કેન્સર એકસમાન રોગનું જૂથ છે. સામાન્ય રીતે મોટા ભાગના કેન્સર (૧) વૃદ્ધિ, (૨) આક્રમણ અને (૩) મેટાસ્ટેસિસ (અનેકગણી વૃદ્ધિ)ની લાક્ષણિકતા ધરાવે છે. જોકે સ્તન કેન્સરના વિકાસ સ્વાદુપિંડના કેન્સરના વિકાસથી અલગ રીતે થાય છે. વર્તણૂંક, પ્રગતિ અને સારવારનું પરિણામ અલગ હશે.

**પ્રશ્ન: કેન્સરનું નિદાન કેવી રીતે થાય છે ?**

**જવાબ:** સામાન્ય રીતે શરીરમાં કોઈ પણ સમસ્યાની ચકાસણી ડૉક્ટર દ્વારા થાય છે. આ નૈદાનિક પરીક્ષણ છે. ડૉક્ટર એક્સ રે, સીટી સ્કેન, એમઆરઆઇ સ્કેન, પીઇટી સ્કેન અને લોહીના કેટલાંક પરીક્ષણો જેવી ચકાસણી કરી શકે છે. જોકે મોટા ભાગના કેન્સરનું નિદાન બાયોપ્સી કે સાઇટોલોજીથી થાય છે.

**સૌજન્ય**
**ડૉ. તરંગ એચ. પટેલ**
**કેન્સર સર્જરીના નિષ્ણાંત**
MS, MAMS, MCh
(મો) +૯૧-૯૮૨૫૦૨૨૦૭૪
Email: tarang.patel@cimshospital.org

CIMS KHAMBATTA LINAC CENTRE
AREEZ KHAMBATTA BENEVOLENT TRUST
CIMS ખંભાતા લાઈનેક (રેડિયોથેરપી) સેન્ટર
અરીઝ ખંભાતા બેનીવોલેન્ટ ટ્રસ્ટની પહેલ*
*(જરૂરિયાત વાળા દર્દીને ખુબ જ ઓછા ભાવે કેન્સરની રેડિયોથેરેપી આપવામાં આવશે)

CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ
એક દિવસમાં કેળવાતો નથી.

## અમારા માટે આ ગૌરવની પળ છે
## અમે ગોલ્ડ સીલ મેળવ્યું છે


Care Institute of Medical Sciences
Ahmedabad, India
has been
Accredited
by
JOINT COMMISSION INTERNATIONAL
which has evaluated this Hospital and found it to meet the international health care quality standards for patient care and organization management.
Effective 24 September 2016 through 23 September 2019

**સીમ્સ હોસ્પિટલ વિશ્વની ૮૦૦થી વધારે સંસ્થાઓ અને ભારતમાં માત્ર ૨૬ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ અને કુલ ૩૦ સંસ્થાઓમાં સામેલ થઇ છે જેમણે જોઇન્ટ કમિશન ઇન્ટરનેશનલ (યુએસએ) એક્રેડિટેશન મેળવ્યું છે અને દર્દીઓની સુરક્ષામાં ગોલ્ડ સીલ ઓફ એપ્રૂવલ પ્રાપ્ત કર્યું છે.**

**જોઇન્ટ કમિશન ઇન્ટરનેશનલ (JCI-USA) આંતરરાષ્ટ્રીય એક્રેડિટેશન અને સર્ટિફિકેશન ઓફર કરીને દર્દીઓની સુરક્ષા અને આરોગ્યની ગુણવત્તા સુધારવા માટે કામ કરે છે.**

## સર્વ શ્રેષ્ઠમાંની શ્રેષ્ઠ હોસ્પિટલ

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

JCI | NABH | American College of Cardiology | International Centers of Excellence | NABL ACCREDITED LABORATORY

**ભારતની પ્રથમ અને એકમાત્ર હોસ્પિટલ જેણે ૪ માન્યતા પ્રાપ્ત કરી છે**

| જેસીઆઇ પ્રાપ્ત કરનારી ભારતની સૌથી નવી હોસ્પિટલો પૈકી એક | સૌથી ઊંચા અનુપાલન પૈકી એક. ઉત્કૃષ્ટતા અને સારસંભાળના ૧૪૦૦ માપદંડમાં ૯૮.૭ ટકા અનુપાલન | પ્રથમ પ્રયાસે જ તે પ્રાપ્ત કરનારી ભારતની હોસ્પિટલો પૈકી એક |
|---|---|---|

## સીમ્સ એક્સપ્રેસ

**ઉત્તમ સેવાઓ માટે તે જ દિવસે એપોઇન્ટમેન્ટ**

**શું તમારે આજે જ એપોઇન્ટમેન્ટ જોઇએ છે ?**

સીમ્સમાં, અમે ડોક્ટર* ની એ જ દિવસની એપોઇન્ટમેન્ટની ખાત્રી આપીએ છીએ જો તમે બપોરે ૧૨ વાગ્યા પહેલા ફોન કરો તો (સોમવાર થી શનિવાર) અથવા બીજા દિવસની સવારે

**+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

*જે તે સ્પેશ્યાલીટીની ટીમમાંથી હાજર હશે તે ડૉક્ટર એ દિવસે તપાસશે.

**24 x 7 મેડિકલ હેલ્પલાઈન: +91-7069000000 (સિત્તેર – છ – નવ અને છ "શુન્ય")**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
એમ્બ્યુલન્સ: +૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦
Email: info@cims.me | www.cims.me
CIMS Hospital India App on:

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-75 | October 25, 2016

# સીમ્સ આરોગ્ય જાગૃતિ મહિનો (ઓક્ટોબર-નવેમ્બર, ૨૦૧૬)* - ૩૦ નવેમ્બર, ૨૦૧૬ સુધી

* શરતો લાગુ

## સીમ્સ સ્તન કેન્સર જાગૃતિ મહિનો

**સ્તન કેન્સરને લડત આપો**

**વિશેષ ચકાસણી કાર્યક્રમ**

- પેપ સ્મીયર
- પેલ્વિક અલ્ટ્રા સાઉન્ડ
- બાઇલેટરલ મેમોગ્રાફી (૪૦ વર્ષથી વધુની મહિલાઓમાં)
- બાઇલેટરલ યુએસજી બ્રેસ્ટ (૪૦ વર્ષથી વધુ વયની મહિલાઓમાં)
- કન્સલ્ટેશન

~~વાસ્તવિક દર ₹ ૬૯૯૯/-~~
ઓફર દર ₹ ૯૯૯/-

## સીમ્સ ગ્લુકોમા / મોતિયો મહિનો

**તમારી દૃષ્ટિ, અમારૂ ફોક્સ**

- આંખના વિશેષજ્ઞનું કન્સલટેશન
- સંપૂર્ણ આંખની તપાસ
- આઇ પ્રેશર મેઝરમેન્ટ ચેકઅપ
- રેટીનાની તપાસ
- આંખના ખૂણાની તપાસ
- કોર્નિયલની જાડાઇની તપાસ
- વિઝ્યુઅલ ફીલ્ડ એનાલીસીસ

~~વાસ્તવિક દર ₹ ૩૦૦૦/-~~
ઓફર દર ₹ ૯૯૯/-

## સીમ્સ કેન્સર જાગૃતિ મહિનો

**ફેફસા અને પ્રોસ્ટેટ કેન્સર જાગૃતિ મહિનો - નવેમ્બર**

**આશા. આરામ. ખાતરી.**

**ફેફસાના કેન્સરનું સ્ક્રિનિંગ**

- એચઆરસીટી થોરેક્સ
- કન્સલ્ટેશન

~~વાસ્તવિક દર ₹ ૬૦૦૦/-~~ ઓફર દર ₹ ૨૦૦૦/-

**પ્રોસ્ટેટ કેન્સરનું સ્ક્રિનિંગ**

- પીએસએ (૫૦ વર્ષથી વધુ વય માટે સલાહભર્યુ)
- એચઆરસીટીયુએસજી પેલ્વિસ
- કન્સલ્ટેશન

~~વાસ્તવિક દર ₹ ૩૦૦૦/-~~ ઓફર દર ₹ ७५०/-

## સીમ્સ ગર્ભાવસ્થા અને ઇન્ફન્ટ લોસ જાગૃતિ મહિનો

## સીમ્સ બર્થિંગ સેન્ટર

**શ્રેષ્ઠ જન્મ સમયની સંભાળ**

- એન્ટીનેટલ યુએસજી
- એનોમલી સ્કેન (3D /4D)
- એન્ટીનેટલ પ્રોફાઈલ
- કન્સલ્ટેશન અને એન્ટીનેટલ ક્લાસ રૂ.૧૨૦૦ના મૂલ્યનું
- નોન સ્ટ્રેસ ટેસ્ટ ૮-૯ મહિનાની ગર્ભાવસ્થા સાથે ફિટલ મોનિટરિંગ માટે

~~વાસ્તવિક દર ₹ ૬૬૦૦/-~~
ઓફર દર ₹૨૪૯૯/-

## ટોટલ ની રિપ્લેસમેન્ટ મહિનો

**શ્રેષ્ઠ ઇમ્પોર્ટેડ ઇમ્પ્લાન્ટ જે સૌથી વધારે ચાલે**

- કન્સલ્ટેશન
- ઘૂંટણ ના ૨ એક્સ-રે

~~વાસ્તવિક દર ₹ ૩૦૦૦/-~~
ઓફર દર નિ:શુલ્ક/-

**ઘુંટણ બદલવાના વિશેષ ડિસ્કાઉન્ટ પેકેજ**
**US FDA માન્ય મેટલ બેક જોઇન્ટ**

## સીમ્સ હાડકા અને સાંધા / આર્થરાઇટિસ મહિનો

**તમારી તંદુરસ્તી જાળવવા**

- સીબીસી વિથ ઇએસઆર, યુરિન, આર/એમ, વિટામીન B12 અને D3, RA ટેસ્ટ, પીટીએચ, આરબીએસ, એઆરએફટી, યુરિક એસિડ, ટોટલ પ્રોટીન, એસજીપીટી, આલ્કલાઇન ફોસ્ફેટ, 3 x-ray
- બીએમડી (બોન મિનરલ ડેન્સિટિ) સ્ક્રીનિંગ
- કન્સલ્ટેશન

~~વાસ્તવિક દર ₹ ७०००/-~~
ઓફર દર ₹૨૦૦૦/-

## શોલ્ડર પેઇન

## સ્ટીફનેશ ડિસ્લોકેશન

**સર્વશ્રેષ્ઠ સારવાર**

આર્થરોસ્કોપી મીનીમલી ઇન્વેસીવ
સર્જરી સાથે સૌથી ઝડપી રીકવરી

**નિ:શુલ્ક કન્સલટેશન**

## સીમ્સ સ્થૂળતા જાગૃતિ મહિનો

**સ્થૂળતા વિરોધી દિન, નવેમ્બર, ૨૦૧૬**

- બીએમઆઇ (બોડી માસ ઇન્ડેક્સ)
- બ્લડ શુગર
- એસ. કોલેસ્ટેરોલ
- કન્સલ્ટેશન
- ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ કન્સલ્ટેશન

~~વાસ્તવિક દર ₹ ૨૫૦૦/-~~
ઓફર દર ₹ ૬૯૯/-

## સીમ્સ હાર્ટ ફેલ્યર ક્લિનિક

**અમે તમારા હૃદયની કાળજી રાખીએ છીએ**

- હૃદયના નબળા સ્નાયુ અને નબળું પંપિંગ કરતા હૃદય માટે હાર્ટ ફેલ્યર ક્લિનિકમાં નવા હાર્ટ ફેલ્યરના દર્દીઓ માટે નિ:શુલ્ક કન્સલટેશન
- ઇસીજી (ઇકોકાર્ડિયોગ્રામ)

~~વાસ્તવિક દર ₹ ૧૫૦૦/-~~
ઓફર દર નિ:શુલ્ક/-

## સીમ્સ તંદુરસ્ત ત્વચા મહિનો

**અત્યાધુનિક સ્કીન કેર**

| | | |
|---|---|---|
| કેમિકલ પિલિંગ ૬ સિટિંગ | ~~વાસ્તવિક દર ₹ ૧૨૦૦૦/-~~ | ઓફર દર ₹૮૦૦૦/- |
| બોટોક્સ થેરેપી | ~~વાસ્તવિક દર ₹ ७५००/-~~ | ઓફર દર ₹૫૦૦૦/- |
| લેસર હેર રિમુવલ ૬ સિટિંગ | ~~વાસ્તવિક દર ₹ ૯૦૦૦/-~~ | ઓફર દર ₹૫૦૦૦/- |

## સીમ્સ ફેફસા અંગે જાગૃતિનો મહિનો

**તંદુરસ્ત ફેફસા મહિનો - ઓક્ટોબર  રેસ્પિરેટરી કેર વીક - ઓક્ટોબર**
**ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસિઝ (સીઓપીડી) જાગૃતિ મહિનો - નવેમ્બર**

**સરળતાથી શ્વાસ લો**

**ફ્રી કન્સલ્ટેશન અને પીએફટી (પલ્મોનરી ફંક્શન ટેસ્ટ)**

**સ્લીપ સ્ટડી**
~~વાસ્તવિક દર ₹ ૨૦૦૦૦/-~~ ઓફર દર ₹૧૦૦૦૦/-

**ફાઇબર ઓપ્ટિક બ્રોન્કોસ્કોપી**
~~વાસ્તવિક દર ₹ ૯૦૦૦/-~~ ઓફર દર ₹૪૫૦૦/-

## સીમ્સ જીઇઆરડી ક્લિનિક

**ધ પાવર ઓફ હીલ**

ગેસ્ટ્રોઇસોફેજિયલ રિફ્લક્સ ડિસિઝ - એસિડ રિફ્લક્સ અથવા છાતીમાં બળતરા એ દૈનિક રોજિંદા લક્ષણો છે. તે આરોગ્યને લગતી ગંભીર સમસ્યા પેદા કરી શકે છે.

**નિ:શુલ્ક કન્સલટેશન**

## સીમ્સ રેડિયોલોજી ક્લિનિક

**આધુનિક ટેકનોલોજી, ભરોસાપાત્ર સાર-સંભાળ**



**૨ સીટી સ્કેન અને ૧ એમઆરઆઇ**

**એમઆરઆઇ અને સીટી સ્કેન પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ**
**અમારા અત્યાધુનિક રેડિયોલોજી ડિપાર્ટમેન્ટમાં આવો.**
**એપોઇન્ટમેન્ટ માટે ૯ વાગ્યાથી ૫ વાગ્યા વચ્ચે બુક કરાવો**
**ફોન નંબર +૯૧-७०६૯००००००**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો**
**+૯૧-૯૮૨૫૦૬૬૬૬૧,**
**+૯૧-७૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.

*CIMS Hospital India App on:*

CIMS News
Care & Cure
Volume-7 | Issue-75 | October 25, 2016



# પગની પીંડીમાં થતા દુ:ખાવા અંગે વાસ્ક્યુલર સર્જનની સલાહ

પગની નસોમાં લોહી ગંઠાઈ જાય તો પગ કાળો (ગેન્ગ્રીન) પડે અને



કપાવવો પડે એવી માન્યતા સામાન્ય રીતે પ્રવર્તતી જોવા મળે છે. જેના કારણે મારી ઓપીડીમાં અવારનાવર પગમાં પીંડીમાં અસહ્ય દુ:ખાવા સાથેની તકલીફવાળા દર્દીઓ જોવામાં આવે છે. ત્રણ થી ચાર પ્રશ્નો પૂછ્યા બાદ મોટે ભાગે દર્દીની પીડા પાછળનું કારણ ખબર પડી જાય છે. પગમાં તથા દુ:ખાવાના પ્રકાર, એની તીવ્રતા અને સમય પરથી દુ:ખાવાના કારણનો અંદાજ મેળવી શકાય છે.

**દુ:ખાવાનો પ્રકાર :**

- આખા દિવસના કામ પછી પીંડીમાં થતો દુ:ખાવો કળતર સ્વરૂપે હોય તો એ વેરીકોઝ વેઇન્સના કારણે હોઇ શકે.
- ચાલતા ચાલતા પગ જકડાઈ જાય અને થોડીવાર બેસીને આરામ લીધા પછી સારૂ લાગે અને ફરી પાછા ચાલી શકાય તો એ લોહીની ધમનીઓમાં લોહીનું ઓછું પરિભ્રમણ દર્શાવે છે, જે વધારે સીરીયસ હોય તો પગની આંગળીઓમાં બળતરા પણ પેદા કરે છે.




- બંદૂકની ગોળી છૂટતી હોય તેમ દુ:ખાવો કમર કે થાપના ભાગેથી શરૂ થઇ સાથળની પાછળ થઇ પગની પીંડીમાં ઝટકા સ્વરૂપે અનુભવાતો હોય તો મણકાની ગાદીનો પ્રોબ્લેમ હોઇ શકે.
- ઘૂંટણની આસપાસ લબકારા મારતો દુ:ખાવો 'વા'ને લીધે હોઇ શકે.

**દુ:ખાવાની તીવ્રતા**

- સામાન્ય રીતે જો દુ:ખાવો માણસને શાંતિથી રાત્રે સૂવા પણ ન દે એટલો તીવ્ર હોય તો તેનું મૂળભૂત કારણ સીરીયસ હોઇ શકે.
- લોહીની શિરાઓની નબળાઇ (વેરીકોઝ વેઇન્સ) કે ખોરાકમાં વિટામીન્સની ઉણપથી થતા દુ:ખાવા હળવાથી મધ્યમ તીવ્રતાના હોય છે, જ્યારે લોહીનું પરિભ્રમણ ઓછું થવાથી થતા દુ:ખાવા (Critical limb ischemia)રેસ્ટ પેઇન સ્વરૂપે હોય છે.

**દુ:ખાવાનો સમય**

- સાંજના સમયે થતો દુ:ખાવો રોજબરોજના થાકથી માંડીને, ખોરાકમાં પૌષ્ટિક તત્વોની ઉણપથી લઇને વેરીકોઝ વેઇન્સના કારણે હોઇ શકે.
- ઘરકામ કરતા કરતા થતો દુ:ખાવો મણકાના ઘસારાને લીધે અથવા પગના સાંધાના ઘસારાના કારણે હોઇ શકે.
- રાત્રે સૂતા સૂતા થતો દુ:ખાવો પેરીફેરલ વાસ્ક્યુલર ડિસીઝના કારણે પણ હોઇ શકે છે.

જો આ પ્રકારના દુ:ખાવાથી દર્દી પરેશાન હોય તો વિભીન્ન પ્રકારના રિપોર્ટ કરાવીને એના કારણની તપાસ તેમજ સારવાર શક્ય છે જેમ કે,

| | | |
|---|---|---|
| વેરીકોઝ વેઇન્સ | : | વીનસ ડોપ્લર |
| પેરીફેરલ વાસ્કયુલર ડિસીઝ | : | આર્ટરીયલ ડોપ્લર, એન્જીયોગ્રાફી |
| મણકાની ગાદીનો પ્રોબ્લેમ | : | એમ.આર.આઇ. |
| ન્યુટ્રીશનલ ડેફીશિયન્સી | : | વીટામીન, ડી-૩નું પ્રમાણ |
| વા | : | ઘૂંટણના સાંધાનો એક્સ-રે |

**સૌજન્ય**

**ડૉ. પ્રણવ એ. મોદી**
**કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરેકોસ્કોપીક સર્જન**
**થોરાસીક ઓન્કોસર્જન**
MS, MCh (CVTS)
(મો) +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦
Email: pranav.modi@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences

CIMS News
Care & Cure
Volume-7 | Issue-75 | October 25, 2016

# પેટનું કેન્સર

પેટનું કેન્સર એ વિશ્વમાં કેન્સર સંબંધિત મૃત્યુ માટે બીજા ક્રમનું સૌથી મોટું કારણ છે.

**એપિડેમિયોલોજી**


- આંતરરાષ્ટ્રીય સ્તરે તેના વણઉકેલાયેલા પ્રકારો છે, ખાસ કરીને જાપાન, ચીન અને સાઉથ અમેરિકાના કેટલાક ભાગોમાં તે સામાન્ય છે.

**જોખમના પરિબળો**

- વધતી વય
- મહિલાઓ કરતા પુરુષોમાં તે વધુ જોવા મળે છે
- નબળી સામાજિક-આર્થિક સ્થિતિ સાથે તે ગાઢ રીતે સંકળાયેલ છે
- ખોરાક: ખોરાકમાં તાજા ફળ અને શાકભાજીનું પ્રમાણ ઓછું હોય ત્યારે પેટના કેન્સરનું જોખમ વધી જાય છે.
- ધુમ્રપાન
- પારિવારિક જોખમ

**પ્રસ્તુતિ**

અપચો, વજનમાં ઘટાડો, ઉલ્ટી, ખોરાક ગળવામાં તકલીફ, એનેમિયા સાથે સામાન્ય છે. આ રોગ આગળના તબક્કે પહોંચી જાય ત્યારે મોટા ભાગના દર્દીઓમાં ચેતવણીના સંકેત જોવા મળે છે જેમ કે વજનમાં ઘટાડો, ઉલ્ટી થવી, એનોરેક્ઝિયા (ખાવાને લગતી સમસ્યા) અને એનેમિયા વગેરે



સારવાર ન થઇ શકે તેવા રોગના લક્ષણો – જેમ કે એપિગેસ્ટ્રિક માસ, હિપેટોમેગેલી, કમળો, એસાઇટ્સ વગેરે

**રેફરલ માર્ગદર્શિકા**

તાત્કાલિક રેફરલ

નોંધપાત્ર પ્રમાણમાં લાંબા સમયથી ગેસ્ટ્રોઇન્ટેસ્ટિનલ બ્લિડિંગ

- ડિસ્પેપ્સિયા ધરાવતી કોઇ પણ વયની વ્યક્તિમાં નીચેના પૈકી કોઇ લક્ષણ જોવા મળે તો તાત્કાલિક સ્પેશિયાલિસ્ટને મળવું જોઈએ.
- લાંબા સમયથી ગેસ્ટ્રોઇન્ટેસ્ટિનલ બ્લિડિંગ
- ખોરાક ગળવામાં મુશ્કેલી
- સતત ઉલ્ટી થવી
- આયર્નની ઉણપયુક્ત એનેમિયા
- એપિગેસ્ટ્રીક માસ

**તપાસ**

- રેપિડ – એક્સેસ ફ્લેક્સિબલ એન્ડોસ્કોપી એ પસંદગીની તપાસ પ્રક્રિયા છે.
- પેટના તમામ અલ્સરની બાયોપ્સી કરવી જોઈએ

**તબક્કા**

પેટનું કેન્સર ધરાવતી વ્યક્તિએ યોગ્ય વ્યવસ્થાપન માટે કાળજીપૂર્વક પ્રિ-ઓપરેટિવ તબક્કામાંથી પસાર થવું જોઈએ

- પ્રારંભિક તબક્કાની આકારણીમાં થોરેક્સ અને પેટનું સ્પાઇરલ સીટી સ્કેનિંગ કરવામાં આવશે અને મેટાસ્ટેટિક ડિસિઝની હાજરી કે ગેરહાજરી નક્કી કરવામાં આવશે.

**વ્યવસ્થાપન**

**સર્જરી**

- પેટના કેન્સરની સર્જરી લેપ્રોસ્કોપી દ્વારા અથવા ઓપન સર્જરી પણ થઇ શકે છે - એ પસંદગીની સારવાર છે.

**કિમોથેરેપી અને રેડિયોથેરેપી**

- પેરિઓપરેટિવ કોમ્બિનેશન કિમોથેરેપી તેની સારવારની ધોરણસરની પદ્ધતિ છે

**પેલિયેટિવ કેર - જો કોઇ અન્ય સારવાર ઉપલબ્ધ ના હોય તો**

- સારવાર માટે મલ્ટિડિસિપ્લિનરી વલણ આવશ્યક છે

**અટકાવ**


- ફળ અને શાકભાજીનું પ્રમાણ વધારે હોય તેવો આહાર.
- સ્થુળતા પર નિયંત્રણ મેળવવું એ મહત્ત્વનું પરિબળ સાબિત થઇ શકે છે.

**સૌજન્ય**

**ડૉ. જોય અબ્રાહમ**
**ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ અને કેન્સર સર્જન**
MS, MCh (SGPGIMS)
Fellowship in Hepato-Pancreato-Biliary Surgery
(મો) +૯૧-૮૩૮૧૯ ૯૯૨૨૨
Email: joy.abraham@cimshospital.org

**CIMS Gastrosciences Launches Liver Clinic**
**Comprehensive Clinic for all liver disorders**

Hepatitis
Cirrhosis of liver
Liver cancers
State-of-the-art ICU for liver patients



Liver Clinic OPD schedule
Monday to Friday - 3.30 pm to 5.30 pm

Dr. Bhavesh Thakkar
MD (Medicine), DNB (Gastro)
Gold Medalist

Dr. Joy Abraham
MS, MCh (SGPGIMS)
Fellowship in Hepato-Pancreato-Biliary Surgery

For appointment call : +91-79-3010 1200, 3010 1008 (M) +91-98250 66661

Volume-7 | Issue-75 | October 25, 2016

CIMS
Care Institute of Medical Sciences

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016

**If undelivered Please Return to**


**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS

# સીમ્સ આઈ કેર

અત્યાધુનિક ટેકનોલોજી
સાથે મોતિયાની સારવાર
(ટાંકા વગર ફેકો મશીનથી)





ઝામરની તપાસ, સારવાર અને ઓપરેશન








ડાયાબિટીસ અને
હાઈ બી.પી.ના
દર્દીની આંખોની તપાસ



ચશ્માના નંબર
ઉતારવાની તપાસ
અને ઓપરેશનની સલાહ

દરેક પ્રકારની આંખની સર્જરી માટે વિશેષ ડિસ્કાઉન્ટ

એપોઇન્ટમેન્ટ માટે ફોન: +91-79 -3010 1088, ઇમેલ: opd.rec@cimshospital.org

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

**સીમ્સ હોસ્પિટલ,** શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ–૩૮૦૦૬૦. ફોન : +૯૧–૭૯–૨૭૭૧ ૨૭૭૧–૭૫ (૫ નંબર)
ઇમેલ: info@cims.me | www.cims.me

**24 x 7 હેલ્પલાઇન**
**+91-7069000000**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**